તારીખ	૧૦/૦૮/૨૦૨૦		
દાખલ તારીખ	૧૦/૦૮/૨૦૨૦		
ફેસલ તારીખ	૦૯/૦૪/૨૦૨૫		
અવધિ	વર્ષ	માસ	દિવસ
	૦૪	૦૭	૩૦

મે. વલસાડ ખાતેના મજુર અદાલતના પ્રિસાઈડીંગ ઓફીસરશ્રી એમ.એલ. ચોથાણી સાહેબ સમક્ષ, મુ. વલસાડ.

રેફરન્સ (એલ.સી.વી) નં. ૮૦/૨૦૨૦

આંક : ૨૬

પ્રથમ પક્ષકાર :– (૧) એજયુકેશન ફર્સ્ટ ચેરીટેબલ ટ્રસ્ટ,
પ્લોટ નં.૫/૬, શ્રીમદ રામચંદ્ર વિકલાંગ સેન્ટર,
ધરમપુર, વલસાડ.

(૨) માં ફાઉન્ડેશન,
બિલીખીયા હાઉસ, મુકતાનંદ માર્ગ, ચલા રોડ, વાપી, વલસાડ.

: વિરૂધ્ધ :

બીજા પક્ષકાર :– **કલ્પનાબેન હરેશભાઇ ભોયા,**
મુ. કાજલી , પો. વારોલીતલાટ, તા. કપરાડા, જી.વલસાડ.

કે./ઓ. અખિલ ગુજરાત જનરલ મઝદુર સંઘ,
બીજો માળ, અરબ ચેમ્બર્સ, પત્થરકુવા,
પેટ્રોલ પંપ સામે, રીલીફ રોડ, અમદાવાદ–૧

....

પ્રથમ પક્ષકાર તરફે : વિ.વ. શ્રી. એમ.એન.પારેખ

બીજા પક્ષકાર તરફે : પ્રતિનિધીશ્રી એમ.એચ.સંઘરીયાત

....

–:: જજમેન્ટ/એવોર્ડ ::–

(૧)આ કામમાં બંને પક્ષકારો વચ્ચેનો ઔદ્યોગિક વિવાદ ઔદ્યોગિક તકરાર અધિનીયમ–૧૯૪૭ ની કલમ–૧૦(૧) હેઠળ ન્યાય નિર્ણય અર્થે મદદનીશ મજુર કમિશ્નરશ્રી, વલસાડ તરફથી હુકમ ક્રમાંક: કે. એચ. એસ. એસ. એમ. સી./૧૬૯૬/એ.જે/આઈ. ડી. આર/એફ/એફ : ૨૧૬/૨૦૧૯ તા.૨૦/૦૩/૨૦૨૦ થી ન્યાય નિર્ણય અર્થે રેફરન્સ કરવામાં આવેલ છે. રેફરન્સની અનુસુચિ નીચે મુજબ છે.

:: અનુસુચિ ::

(૨)“ **કલ્પનાબેન હરેશભાઇ ભોયા** “ ને તેમની અસલ જગ્યાએ પડેલા દિવસોના પગાર સહિત નોકરીમાં સાતત્ય સાથે પુન: સ્થાપિત કરવા કે કેમ ?”

(૩) આ કામમાં આંક–**૨** થી પક્ષકારોને નોટીસ કાઢવામાં આવેલ છે. જે પક્ષકારોને બજી ગયેલ છે ત્યારબાદ બીજા પક્ષકારે આંક–**૦૭** થી માંગણાનું નિવેદન રજુ કરેલ છે. જેની ટુંકમાં હકીકત એવી છે કે, બીજા પક્ષકાર પ્રથમ પક્ષકાર સંસ્થામાં ૦૨ વર્ષથી કો.ઓર્ડીનેશન ખાતામાં કોઓર્ડીનર તરીકે દાખલ થયેલ, કાયમી જગ્યાએ કાયમી હોદાથી ફરજો સંપુર્ણ ખંત અને વફાદારી પૂર્વક બજાવતા આવેલ અને નોકરીના દરેક વર્ષમાં ૨૪૦ દિવસ ઉપરાંત ફરજો બજાવેલ હતી. છેલ્લો પગાર રૂા. ૪૭૨૯/– હતો. પ્રથમ પક્ષકાર સંસ્થામાં માઁ ફાઉન્ડેશન દ્વારા રાખવામાં આવેલ અને ત્યારબાદ એજયુકેશન ફર્સ્ટ ચેરીટેબલ ટ્રસ્ટના નામ હેઠળ તેમની પાસેથી કામગીરી કરાવેલ. તેમને કામની સુચના માઁ ફાઉન્ડેશનના અધિકારીઓ આપતાં હતા. જ્યારે તેમના પગાર માઁ ફાઉન્ડેશન દ્વારા એજયુકેશન ફર્સ્ટ ચેરીટેબલ ટ્રસ્ટને કરવામાં આવે અને ત્યારબાદ તે ચુકવતા હતા, તેમણે નોકરી બાબતના પ્રશ્નોની રજુઆત શ્રી વિરાજ શુકલને કરવાની હતી. બીજા પક્ષકાર કામદાર તથા અન્ય સાથી કામદારો વર્ષોથી પ્રથમ પક્ષકાર સંસ્થામાં ફરજો બજાવતા હોવા છતાં તેમના પ્રોવિડન્ડ ફંડના પ્રશ્નનો વારંવાર માંગણી છતા નિકાલ કરેલ નહિ. તેમજ પગારમાં કામદારોની નોકરી વર્ષ અને અનુભવના આધારે ગ્રેડેશન કરવાની માંગણી પ્રથમ પક્ષકાર સંસ્થા પાસે કરેલ હતી. બીજા પક્ષકાર તથા અન્ય સાથી કામદારો દ્વારા પ્રથમ પક્ષકાર સંસ્થાને પ્રોવિડંડ ફંડ અને ગ્રેડેશનની માંગણીઓ બાબતે યોગ્ય નિકાલ ન આવતા તે બાબતે કાયદેસર કાર્યવાહી કરવાનું જણાવેલ. બીજા પક્ષકાર તથા અન્ય કામદારોની માંગણીઓ બાબતે યોગ્ય જવાબ આપવાના બદલે પ્રથમ પક્ષકાર સંસ્થાના અધિકારીશ્રી વિરાજ શુકલ સાહેબ દ્વારા માંગણીઓની કિન્નાખોરી અને દ્વેષભાવ રાખી તા. ૧–૪–૨૦૧૯ના રોજથી છુટા કરેલ. બીજા પક્ષકારને છુટા કર્યા અગાઉના ૧૨ માસમાં સતત અને સળંગ ૨૪૦ દિવસ ફરજો બજાવેલ હતી. તેમણે અઠવાડીક રજામાં પણ ઘણીવાર ફરજો બજાવવાની હતી. બીજા પક્ષકારે સંસ્થા દ્વારા જાહેર કરાતી રજા ફરજીયાત પણે રાખવી પડતી પરંતુ કોઈ સ્વેચ્છાએ સરકાર દ્વારા જાહેર કરાતી રજા સિવાય કોઈ રજાઓ પાડેલ નથી. બીજા પક્ષકારની કહેવાતી રજા સંસ્થા દ્વારા કામ ન આપવા ના કારણે પડેલ હતી. બીજા પક્ષકારને છુટા કર્યા સમયે નોટીસ, નોટીસ પગાર, બેકારી વળતર કે અન્ય જમાં હક્કો ચુકવેલ નથી. છુટા કર્યા સમયે સીનીયોરીટી લીસ્ટ બહાર પાડેલ નથી. બીજા પક્ષકાર કરતા હતા તે કામ ચાલુ છે. જે અન્ય નવા કામદારો પાસેથી કરાવવામાં આવે છે. બીજા પક્ષકારને છુટા કર્યા બાદ પ્રથમ પક્ષકાર સંસ્થાઓમાં કામ મેળવવા ગયેલ પરંતુ કામે ન રાખતા પુનઃસ્થાપિત થવાની ફરીયાદ કરેલ જ્યાં સમાધાન શક્ય ન થતા આ વિવાદ ઉપસ્થીત થયેલ છે. બીજા પક્ષકારને છુટા કર્યા બાદ બેકાર છે અને કામ મેળવવા વિવિધ ફેક્ટરી, દુકાન, ટ્યુશન કલાસ, એજયુકેશન સંસ્થાઓ વિગેરેમાં ગયેલ પરંતુ નોકરી મળી નથી, તેઓ વિવાદ ઉભો રાખીને પણ પ્રથમ પક્ષકાર સંસ્થામાં કામે જવા તૈયાર છે. બીજા પક્ષકારને તા.૧/૪/૨૦૧૯ થી છુટા કરવાનું પ્રથમ પક્ષકાર સંસ્થાઓનું પગલુ ગેરકાયદેસર, ગેરવ્યાજબી, કુદરતી ન્યાયના સિદ્ધાંત અને કાયદાકીય જોગવાઈઓ વિરૂદ્ધનું ઠરાવી, અને બીજા પક્ષકારને પ્રથમ પક્ષકાર સંસ્થાઓ પડેલા દિવસોના પુરા પગાર અને આનુસંગિક લાભો સહિત મુળ જગ્યાએ પુનઃસ્થાપિત કરે તેવો હુકમ કરવા અરજ કરેલ છે.

(૪)આ કામે પ્રથમ પક્ષકાર નં.૧ સંસ્થા તરફે આંક–૧૭ થી લેખિત જવાબ રજુ કરી તેઓએ જણાવેલ છે કે, પ્રથમ પક્ષકાર સંસ્થા તારીખ ૦૫.૧૧.૨૦૦૭ ના રોજ સ્થપાયેલ સાર્વજનિક ટ્રસ્ટ છે, અને તે એન.જી.ઓ. એટલે કે બિન સરકારી સંસ્થા છે અને તેની નોંધણી મદદનીશ ચેરિટિ કમીશ્નર, વલસાડ પ્રદેશ,વલસાડમાં તારીખ ૧૨.૧૨.૨૦૦૭ ના રોજ થયેલ છે, જેનો નોંધણી નંબર ઈ ૨૪૨૮ છે. પ્રથમ પક્ષકાર ટ્રસ્ટ તેના તારીખ ૦૫.૧૧.૨૦૦૭ ના ટ્રસ્ટડીડમાં દર્શાવેલ ઉદ્દેશો જેવા કે શિક્ષણ અને અભ્યાસનો વ્યાપ અને વિસ્તાર, વલસાડ જિલ્લાના અભ્યાસમાં નબળા તમામ બાળકોને એક ચોક્કસ લઘુતમ કક્ષા સુધીનો અભ્યાસ સો ટકા પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ માટેની પ્રવૃતિને વેગ આપવો, શાળામાથી

અભ્યાસ પૂરો થતાં પહેલા બાળકો ઉઠી ન જાય તેવી પ્રવૃતિઓ કરવી, સરકાર શ્રી અને શાળાના અધિકારીઓની સંપૂર્ણ સમ્મતિથી વલસાડ જિલ્લાના ખાસ કરીને નબળા વર્ગમાંથી આવતા બાળકોને સરળ રીતે ગમ્મત સાથે અભ્યાસ શાળાના સમય દરમ્યાન પૂરો પાડવો, વિધાર્થીઓને કોમ્પુટર સ્કિલ અને તાલીમ પૂરી પાડવી અને અંગ્રેજી ભાષાનું જ્ઞાન પૂરું પાડવું જે તેઓની આજીવિકામાં પરિણમી શકે, તેમજ ગણિત, વિજ્ઞાન, ભાષા જેવા વિષયો સરળતાથી સમજી શકે તેવી પ્રવૃતિ કરવી, તેમજ જીવનના આદર્શો સમજાવવા, શૈક્ષણિક રેલી કાઢવી, વાર્ષિક દિનની ઉજવણી કરવી, તેમજ આગલા વર્ષે પ્રથમ આવેલ વિધ્યાર્થીના ઘરે જઇ તેને ઈનામ, પ્રમાણપત્ર, મેડલ આપી પ્રોત્સાહિત કરવા જેવી, તેમજ ટ્રસ્ટનાં બીજા ઉદ્દેશો પુર્ણ થઈ શકે તે માટે જરૂરી આનુસંગિક સહાયતા તેમજ સગવડ અને માળખું પૂરું પાડવું, તે માટે સ્થાપિત કરવામાં આવેલ છે. આમ પ્રથમ પક્ષકાર ટ્રસ્ટનો ઉદ્દેશ કોઈ નફો કે આવક મેળવવા માટેનો નથી, અને ફક્ત વલસાડ જિલ્લાના અંતરિયાળ વિસ્તારના તેમજ અભ્યાસમાં નબળા વિધ્યાર્થીઓના અભ્યાસ અને શિક્ષણનો વ્યાપ વધારવાનો અને સરકારશ્રી અને સરકારી શાળાઓને એક પ્રકારનો શૈક્ષણિક કાર્યમાં સહાય અને ટેકો તેમજ અભ્યાસમાં નબળા તેમજ આર્થિક રીતે નબળા વર્ગના વિધ્યાર્થીઓની પ્રગતિ તેમજ ઉન્નતિ થાય તેવા ઉમદા સમાજ સેવાના અને શૈક્ષણિક હેતુ અને ઉદ્દેશો અને કાર્યો માટે પ્રથમ પક્ષકાર નં-૧ સંસ્થાની સ્થાપના ટ્રસ્ટ તરીકે કરવામાં આવેલ છે. પ્રથમ પક્ષકાર ટ્રસ્ટના સેટલર તરીકે શ્રી વિરાજ ધ્રુવકુમાર શુકલા તરફથી રૂપિયા ૧,૦૦,૦૦૦/- અંકે રૂપિયા એક લાખ ટ્રસ્ટનાં ઉદ્દેશો તેમજ હેતુઓ માટે આપવામાં આવેલ, અને આજીવન ટ્રસ્ટીઓ તરીકે શ્રી જયદીપ પ્રમોદચંદ્ર વ્યાસ, શ્રી દેવશી બીજલ નાગર અને શ્રી ધવલ અશોકકુમાર પંચોલીની નિમણૂક કરવામાં આવેલ, જે પૈકી ધવલ અશકોકકુમાર પંચોલી હાલમાં પણ ટ્રસ્ટી તરીકે ચાલુ છે અને તે સિવાયના અન્ય બે ટ્રસ્ટીઓ દ્વારા ટ્રસ્ટી તરીકે રાજીનામાઓ આપતા તેઓની જગ્યાએ શ્રી સિરખાજી સોહેલ ફઝલ મોહમ્મદ અને શ્રી ખન્ના સુદીપ સુરન્દ્રની નિમણૂક આજીવન ટ્રસ્ટીઓ તરીકે કરવામાં આવી છે. પ્રથમ પક્ષકાર ટ્રસ્ટનાં ઉદ્દેશો તેમજ હેતુઓની પ્રવૃતિઓ માટે નાણાકીય મદદ તેમજ સહાય માં ફાઉન્ડેશન નામના ટ્રસ્ટ કે જે આ કામના પ્રથમ પક્ષકાર નંબર-૨ છે, તે ટ્રસ્ટ તરફથી તારીખ ૦૧.૦૧.૨૦૦૮ થી જ્યાં સુધી પ્રથમ પક્ષકાર નં.૧ તરફથી આ પ્રવૃતિ ચાલુ રાખવામાં આવેલ ત્યાં સુધી આર્થિક સહાય પૂરી પાડવામાં આવેલ. પ્રથમ પક્ષકાર નંબર ૧ ટ્રસ્ટ સંસ્થાની શેક્ષણિક તેમજ અભ્યાસને પ્રોત્સાહન આપવાની પ્રવૃતિઓ સંપૂર્ણપણે આ કામના પ્રથમ પક્ષકાર નંબર-૨ ટ્રસ્ટમાં ફાઉન્ડેશનના આર્થિક અને નાણાકીય સહાય અને મદદ અને ટેકા પર જ આધારીત અને નિર્ભર હતી. પ્રથમ પક્ષકાર નંબર-૧ ટ્રસ્ટનાં ઉદ્દેશો તેમજ હેતુઓ પૂરા પાડવા માટે તેમજ તેના પાલન અને અમલ માટે, પ્રથમ પક્ષકાર નંબર-૧ ટ્રસ્ટ તરફથી એજ્યુકેશન કો-ઓર્ડિનેટરની નિમણૂકો કરવામાં આવેલ અને તેવા એજ્યુકેશન કો-ઓરડીનેટરોને મહેનતાણુંની ચુકવણી પ્રથમ પક્ષકાર નંબર-૧ ટ્રસ્ટ તરફથી કરવામાં આવતી હતી અને આવા એજ્યુકેશનર કો-ઓર્ડિનેટરની નિમણૂક, કામગીરી પર દેખરેખ, કામગીરીની વહેચણી, કામની સોપણી, કામની પધ્ધતિ, કામનું આયોજન વિગેરે તમામ બાબતો પ્રથમ પક્ષકાર નંબર-૧ ટ્રસ્ટ દ્વારા જ હાથ ધરવામાં આવતી હતી, અને તે સંબંધમાં પ્રથમ પક્ષકાર નંબર-૨ ટ્રસ્ટનો કોઈ હસ્તક્ષેપ ન હતો. આ કામના પ્રથમ પક્ષકાર નંબર-૧ ટ્રસ્ટ ઉપર દર્શાવેલ જે પ્રવૃતિઓ જે કપરાડા તાલુકા કેન પ્રોજેક્ટની કરતાં હતા, તેવી પ્રવૃતિઓ અન્ય બીજા નોન ગવર્મેન્ટ ઓર્ગેનાઇઝેસન્સ દ્વારા પણ કપરાડા તાલુકામાં શરૂ કરવામાં આવતા તેવી પ્રવૃતિઓ ઓવરલેપ થવાના કારણે, પ્રથમ પક્ષકાર ટ્રસ્ટની ટ્રસ્ટીઓની તારીખ ૨૭.૦૯.૨૦૧૮ની મિટિંગમાં નક્કી થયા મુજબ, પ્રથમ પક્ષકાર સંસ્થા નંબર-૧ ટ્રસ્ટ દ્વારા છેલ્લે કપરાડા તાલુકામાં પ્રાથમિક શાળામાં ચાલતી કપરાડા કેન પ્રોજેકટની ઉપરોક્ત પ્રવૃતિઓ તારીખ ૦૧.૦૪.૨૦૧૯થી ડિસકંટીન્યુ એટલે કે બંધ કરવાનો નિર્ણય લેવામાં આવેલ. ઉપરોકત કપરાડા કેન પ્રોજેક્ટ હંમેશને માટે બંધ થવા સંબંધેના નિર્ણયની જાણકારી અને માહિતી તે સમયે જે એજ્યુકેશન કો-ઓર્ડિનેટરો પ્રથમ પક્ષકાર સંસ્થા નંબર-૧ ટ્રસ્ટ સાથે તે કપરાડા કેન પ્રોજેક્ટની પ્રવૃતિ માટે જોડાયેલા હતા તે તમામની તારીખ ૩૦.૧૦.૨૦૧૮ ના રોજની મિટિંગમાં પ્રથમ પક્ષકાર ન.-૧ ટ્રસ્ટ તરફથી હાજર રહેલ શ્રી ચેતનભાઈ ભાવસાર તેમજ શ્રી ગોવિંદભાઈ ચાવડા કે જેઓ પ્રથમ પક્ષકાર સંસ્થા નં.-૧ ટ્રસ્ટનાં અધિકારીઓ છે તેઓ દ્વારા આપવામાં આવેલ, અને તે મુજબ તે તમામને તારીખ ૦૧.૦૪.૨૦૧૯ના ૫ (પાંચ) મહિના પહેલાથી તેવી કપરાડા કેન પ્રોજેક્ટની પ્રવૃતિઓ હંમેશને માટે ડિસકંટીન્યુ થવાની

જાણકારી તેમજ માહિતી આપવામાં આવેલ અને તે કારણે તારીખ ૩૧.૦૩.૨૦૧૯ના કામકાજના કલાકો બાદથી તેઓની સેવાનો પણ અંત તે કારણે આવશે તેવી જાણ પણ થઈ ગયેલ અને કરવામાં આવેલ. જે સંબંધેની સહમતી સૂચક સહીઓ પણ તે મિટિંગમાં હાજર બીજા પક્ષકાર સહિતના અન્ય તમામ એજ્યુકેશન કો–ઓર્ડિનેટરો દ્વારા પણ કરવામાં આવેલ. પ્રથમ પક્ષકાર સંસ્થા નંબર–૧ દ્વારા બીજા પક્ષકાર સહિતના અન્ય એજ્યુકેશન કો–ઓર્ડિનેટરોની સેવા સમાપ્તિ તેઓની નિમણૂક જે પ્રવૃતિઓ કપરાડા કેન પ્રોજેક્ટ માટે કરવામાં આવેલ તે પ્રવૃતિઓ હંમેશને માટે બંધ થતાં કાયદેસર રીતે આણવામાં આવેલ. પ્રથમ પક્ષકાર સંસ્થા નંબર–૧ ટ્રસ્ટ જે હેતુઓ તેમજ ઉદ્દેશો માટે સ્થાપિત કરવામાં આવેલ તે ઉપર દર્શાવવામા આવેલ છે અને તે પ્રવૃતિઓ 'ઉધ્યોગ ન હોય તેમજ બીજા પક્ષકાર સહિતના તમામ એજ્યુકેશન કો–ઓર્ડિનેટર કામદાર" ન હોય હાલનો રેફરન્સ કાયદેસર રીતે ચાલી તેમજ ટકી શકે તેમ નથી. પ્રથમ પક્ષકાર સંસ્થા નં–૧ ટ્રસ્ટને ઓધ્યોગિક વિવાદ અધિનિયમ – ૧૯૪૭ની જોગવાઈઓ લાગુ પડતી ન હોય કેમકે ઓધ્યોગિક/કોમર્શિયલ/ઉત્પાદકીય/વ્યાપારિક/અર્થ ઉપાર્જનની/પ્રવૃતિ કરતાં ન હોય તેમજ પ્રથમ પક્ષકાર ન.૧ સંસ્થા ટ્રસ્ટ નોન પ્રોફિટ મેકિંગ, નોન કોમર્શિયલ, ચેરીટેબલ, સાર્વજનિક,એન.જી.ઓ. હોય અને તેના ઉદ્દેશો તેમજ હેતુ સમાજ સેવા અને શિક્ષણ અને અભ્યાસના પ્રસાર તેમજ વ્યાપકતા વધારી નબળા બાળકોને તેમજ પછાત વિસ્તારના વિધ્યાર્થીઓને મદદરૂપ થવાનો હોય, પ્રથમ પક્ષકાર સંસ્થાની પ્રવૃતિઓનો સમાવેશ ઓધૌગિક વિવાદ અધિનિયમ–૧૯૪૭ની કલમ ૨(જે)માં થતો ન હોય, તેમજ બીજા પક્ષકાર સહિતના તમામ એજ્યુકેશન કો–ઓરડીનેટરનો સમાવેશ કલમ ૨(એસ)માં થતો નથી. બીજા પક્ષકારની સેવાના વર્ષો તેમજ છેલ્લે મળતા મહેનતાણુ સંસ્થાના રેકર્ડ મુજબનું માનવા તેમજ ગણવાનુ રહે છે. બીજા પક્ષકાર સહિતના તમામ એજ્યુકેશન કો–ઓરડીનેટરની નિમણૂકો પ્રથમ પક્ષકાર સંસ્થા નં.–૧ દ્વારા કરવામાં આવેલ, અને તેઓ તમામની કામગીરી તેમજ ફરજો સંબંધે પ્રથમ પક્ષકાર નં.– ૧ જ નિર્ણય લેતા આવેલ. પ્રથમ પક્ષકાર સંસ્થા ન.–૧ ટ્રસ્ટ પાસે તેના ઉદ્દેશો તેમજ હેતુઓના પાલન તથા અમલ માટે કોઈ નાણાકીય ભંડોળ ન હોય, તે માટેની આર્થિક સહાય, માં ફાઉન્ડેશન – પ્રથમ પક્ષકાર નં.–૨ તરફથી કરવામાં આવેલ, તેટલા માત્રથી બીજા પક્ષકાર અને પ્રથમ પક્ષકાર નં.૨– માં ફાઉન્ડેશન વચ્ચે કોઈ સંબંધ પ્રસ્થાપિત થતો નથી. વિરાજ શુક્લા પ્રથમ પક્ષકાર નં.૧ ટ્રસ્ટના સેટલર છે. પ્રથમ પક્ષકાર સંસ્થાની પ્રવૃતિઓનો સમાવેશ પી.એફ. નાં કાયદામાં થતો ન હતો કે નથી, તેમજ ગ્રેડેશન સંબંધેની તે પેરાની રજૂઆતો બાબતે જણાવવાનું કે જે તે એજ્યુકેશન કો–ઓરડીનેટરને તેમના અભ્યાસ, અનુભવ, કાર્યદક્ષતા, કાર્યકુશળતા મુજબ ચુકવણી કરવામાં આવતી હતી. અને પ્રથમ પક્ષકાર સંસ્થામાં કોઈ ગ્રેડેશન પ્રથા અમલમાં ન હતી કે નથી અને તે સંજોગો તેમજ હકીકતમાં તેવી રજૂઆતો અસ્થાને છે. તેમજ તેવી બાબતો અંગે બીજા પક્ષકાર કે અન્ય કોઈ એજ્યુકેશન કો–ઓર્ડિનેટર તરફથી કોઈ રજૂઆત થયેલ ન હતી કે કાર્યવાહી કરવાનું જણાવવામાં આવેલ ન હતું. બીજા પક્ષકાર તેમજ અન્ય એજ્યુકેશન કો–ઓર્ડિનેટરોની સેવા સમાપ્તિ, પ્રથમ પક્ષકાર નં.૧ ટ્રસ્ટ દ્વારા તેની કપરાડા કેન પ્રોજેક્ટની પ્રવૃતિઓ હંમેશને માટે તારીખ ૦૧.૦૪.૨૦૧૯થી બંધ થવાના કારણે આણવામાં આવેલ, અને તે બાબતની જાણકારી તેમજ માહિતી બીજા પક્ષકાર સહિતના એજ્યુકેશન તમામ કો–ઓરડીનેટરોને તારીખ ૩૦.૧૦.૨૦૧૮ની મિટિંગમાં રૂબરૂમાં જણાવવામાં આવેલ કે તારીખ ૩૧.૦૩.૨૦૧૯ સુધી તેઓની સેવા ચાલુ રહેશે. આમ બીજા પક્ષકાર દર્શાવે છે તેવા કોઈ કારણોસર તેઓની સેવાની સમાપ્તિ થયેલ નથી. બીજા પક્ષકારે જે તે સમયગાળા જેટલા દિવસો દરમ્યાન ફરજો બજાવેલ તે સંબંધે કોઈ વાદ નથી અને તે વિગતો સંસ્થાના રેકર્ડ પર ઉપલબ્ધ છે. આ કામના બીજા પક્ષકાર સહિત તમામ એજ્યુકેશન કો–ઓર્ડિનેટરો કે જેઓ પ્રથમ પક્ષકાર ન.–૧ સંસ્થામાં સેવામાં તારીખ ૩૧.૦૩.૨૦૧૯નાં રોજ હતા, તે તમામની સેવા સમાપ્તિ કપરાડા કેન પ્રોજેક્ટની પ્રથમ પક્ષકારની છેલ્લી પ્રવૃતિઓ હંમેશને માટે બંધ થતાં એક સાથે જ તારીખ ૩૧.૦૩.૨૦૧૯ ના રોજ આણવામાં આવેલ હોય, કોઈ સીનયોરિટી લિસ્ટ પ્રદર્શિત કરવાની કાયદા કે હકીકતમાં કોઈ આવશ્યકતા કે જરૂરિયાત ન હતી. વધુમાં જણાવવાનું કે તારીખ ૩૧.૦૩.૨૦૧૯ બાદ કપરાડા તાલુકામાં આ પ્રકારની પ્રવૃતિઓ ત્યારબાદ પ્રથમ પક્ષકાર નં. ૧ તરફથી શરૂ કરવામાં આવલ ન હતી. બીજા પક્ષકાર તરફથી મે.મદદનીશ શ્રમ આયુક્ત રૂબરૂ દાખલ કરવામાં આવેલ તારીખ વગરની ફરિયાદની નોંધી, તારીખ ૦૬.૦૯.૨૦૧૯ની નોટિશ, તે કેશ આઈ.ડી.આર. કેશ તરીકે નોંધી પક્ષકારોને

પાઠવવામાં આવેલ અને તારીખ ૧૯.૦૯.૨૦૧૯ ના દિને ચર્ચા રાખવામાં આવેલ. ત્યારબાદ બીજા પક્ષકાર તરફથી તારીખ ૧૧.૧૨.૨૦૧૯ ની અરજી મે.મદદનીશ મજૂર કમિશ્નર સમક્ષ રજૂ કરી તે પ્રથમ ફરિયાદ પરત ખેચી લેવા માટેની પરવાનગી માંગવામાં આવેલ અને તેવી પરવાનગી, પ્રથમ પક્ષકારને નોટિશ આપ્યા વિના કે રજૂઆત કરવાની તક આપ્યા વિના, તારીખ ૨૦.૧૨.૨૦૧૯ના હુકમથી તેવી પરવાનગી મે. મદદનીશ શ્રમ આયુક્ત દ્વારા આપી દેવામાં આવેલ. બીજા પક્ષકાર તરફથી તેમની મે. મદદનીશ શ્રમ આયુક્ત સમક્ષની પ્રથમ ફરિયાદ પરત ખેચવાની પરવાનગી મળે તે પહેલા બીજી ફરિયાદ, બીજા પક્ષકાર દ્વારા મે.મદદનીશ શ્રમ આયુક્ત સમક્ષ તારીખ ૧૧.૧૨.૨૦૧૯ ના રોજ જ દાખલ કરી દેવામાં આવેલ, કે જે દિવસે બીજા પક્ષકાર તરફથી પ્રથમ ફરિયાદ પરત ખેચવાની પરવાનગી અરજી રજૂ કવામાં આવેલ, અને તેવી બીજી ફરિયાદ સંબંધે મે.મદદનીશ શ્રમ આયુક્ત તરફથી તારીખ ૨૩.૧૨.૨૦૧૯ ની નોટિશ પણ પક્ષકારોને પાઠવી દેવામાં આવેલ. આમ મે.મદદનીશ શ્રમ આયુક્ત તરફથી પણ અનિયમિતપણે કાર્યવાહી હાથ ધરવામાં આવેલ હોય, હાલનો રેફરન્સ ચાલી તેમજ ટકી શકે તેમ નથી. સમાધાન કાર્યવાહી એ પ્રક્રિયાનો એક ભાગ છે. વધુમાં તારીખ ૦૧.૦૪.૨૦૧૯થી બીજા પક્ષકારે આજીવિકા મેળવવા માટે શું અને કેવા પ્રયત્નો કર્યા તેમજ પોતાની આવડત, અનુભવ, ભણતર, અનુરૂપ કે પોતે કરી શકે તેવી અર્થોપાજજન કે આજીવિકા માટે શું અને કેવા પ્રયત્નો કર્યા તેની કોઈ વિગતો દર્શાવેલ ન હોય તેના અભાવે તેઓનો પડેલા દિવસોના પગારની માંગણી ગેરવ્યાજબી ઠરે છે. પ્રથમ પક્ષકાર સંસ્થા નં.-૧ ટ્રસ્ટની કપરાડા કેન પ્રોજેક્ટની કામગીરી કે જે બીજા પક્ષકાર બજાવતા હતા તે કામગીરી તારીખ ૦૧.૦૪.૨૦૧૯ ના રોજથી હમેશને માટે બંધ થયા બાદ તેવી પ્રવતિ ફરીથી શરૂ થયેલ ન હોય કે શરૂ કરવામાં આવેલ ન હોય, બીજા પક્ષકારની સેવાની પ્રથમ પક્ષકારને ત્યારબાદ કોઈ આવશ્યકતા કે જરૂરિયાત પણ રહેતી કે રહેલ ન હોય,બીજા પક્ષકારની નોકરીમાં પડેલા દિવસોના પગાર તેમજ તમામ લાભો સહિત મૂળ જગ્યાએ પુન:સ્થાપિત થવા સંબંધેની દાદ તેઓ કાયદેસર રીતે માંગવા કે મેળવવા માટે કાયદા કે હકીકતમાં હક્કદાર બનતાં નથી. હાલના રેફરન્સના કામે પ્રથમ પક્ષકાર નં.ર માં ફાઉન્ડેશન જરૂરી તેમજ આવશ્યક અને યોગ્ય પક્ષકાર ન હોય અને તેને ગેરકાયદે,ખોટી રીતે પક્ષકાર તરીકે જોડવામાં આવેલ હોય, હાલના રેફરન્સને મિસ જોઈન્દર ઓફ પાર્ટીઝનો બાધ નડે છે. ઉપરના તમામ સંજોગો તેમજ હકીકતમાં બીજા પક્ષકારનો હાલનો રેફરન્સ ખર્ચ સહિત રદ કરવા અરજ કરેલ છે.

(૫) આ કામે પ્રથમ પક્ષકાર નં.૨ સંસ્થા તરફે આંક-૧૮ થી લેખિત જવાબ રજુ કરી તેઓએ જણાવેલ છે કે,બીજા પક્ષકારનો હાલનો રેફરન્સ પ્રથમ પક્ષકાર નં.ર સંબંધે કાયદેસર રીતે ચાલી તેમજ ટકી શકે તેમ નથી. બીજા પક્ષકારને પ્રથમ પક્ષકાર નં.૨ દ્વારા ક્યારેય, કદાપિ, કોઈપણ રીતે કામે રાખવામાં આવેલ નથી, કે કોઈ વેતનની ચુકવણી પણ કરવામાં આવેલ નથી. પ્રથમ પક્ષકાર નં.૨ જરૂરી તેમજ આવશ્યક અને યોગ્ય પક્ષકાર ન હોય, ખોટી રીતે,ગેરકાયદે, ગેરવ્યાજબીપણે જોડવામાં આવેલ છે. બીજા પક્ષકાર તેમજ પ્રથમ પક્ષકાર નં. ર વચ્ચે કાયદેસરનો કોઈ ઓધ્યોગિક વિવાદ ક્યારેય-કદાપિ અસ્તિત્વમાં આવેલ ન હોય કે એપ્રિહેંડેડ પણ ન હોય, તેમજ માલિક-નોકર તરીકેના સંબંધો પણ ક્યારેય-કદાપિ અસ્તિત્વમાં આવેલ ન હોય અને કાયદેસરનું કોઈ કોઝ ઓફ એકશન પણ ઉપસ્થિત થયેલ ન હોય, તે તમામના અભાવે બીજા પક્ષકારનો હાલનો રેફરન્સ પ્રથમ પક્ષકાર નં.ર વિરુધ્ધ કાયદેસર રીતે ચાલી તેમજ ટકી શકે તેમ નથી. બીજા પક્ષકારને પ્રથમ પક્ષકાર ન.૧ સંસ્થા ટ્રસ્ટ દ્વારા તે ટ્રસ્ટની કામગીરીઓ બજાવવા માટે રાખવામા આવેલ હોવાનું પ્રથમ પક્ષકાર ન.૨.ને તપાસ કરતાં જાણવા મળેલ છે. પ્રથમ પક્ષકાર નં.૧ અને પ્રથમ પક્ષકાર નં.ર વચ્ચે થયેલ તારીખ ૦૧.૦૧.૨૦૦૮ ના મેમોરેન્ડમ ઓફ અંડરસ્ટેન્ડિંગ મુજબ આ કામના પ્રથમ પક્ષકાર ન.૧ ટ્રસ્ટના ટ્રસ્ટડીડ મુજબની જે પ્રવૃતિઓ પ્રથમ પક્ષકાર ન.૧ ટ્રસ્ટની સ્થાપના કરવામાં આવેલ, તે પ્રવૃતિઓ જેવી કે વલસાડ જિલ્લામાં આવેલ સરકારી શાળાઓમાં શિક્ષણના ક્ષેત્રમાં સુધાર,અભ્યાસમાં નબળા વિધ્યાર્થીઓ તેમજ પછાત વિસ્તારના બાળકોને ગમ્મત સાથે જ્ઞાન આપવું, સરકારી શાળાઓમાંથી વિધ્યાર્થીઓ અભ્યાસ પૂર્ણ થાય તે પહેલા શાળા છોડી દેવાની પ્રવૃતિમાં ઘટાડો થાય તેવા પ્રયત્નો કરવા, પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણનો વ્યાપ અને વિસ્તાર વધારવો, વિધ્યાર્થીઓને કોમ્પ્યુટરનું શિક્ષણ આપવું, અંગ્રેજી ભાષાનું જ્ઞાન આપવું, તેમજ સરકારી શાળામાં જરૂરી

આનુસાંગીક અને માળખાકીય સુવિધાઓ માટે મદદરૂપ થવું વિગેરે જેવા ઉમદા સાર્વજનિક સામાજિક સેવાના કાર્યોમાં આર્થિક રીતે સહભાગી થવાના એકમાત્ર શુભ આશય અને ઉદ્દેશથી, પ્રથમ પક્ષકાર નં.ર જે પણ એક સાર્વજનિક નોન પ્રોફિટેબલ ચેરિટેબલ ટ્રસ્ટ હોય, જેની નોંધણી નંબર ઈ–૨૩૩૩/વલસાડ છે. પ્રથમ પક્ષકાર નં.–ર તરફથી, પ્રથમ પક્ષકાર નં.–૧ને ઉપર દર્શાવેલ પ્રવૃતિઓ હાથ ધરવા માટે, પ્રથમ પક્ષકાર નં. ર ટ્રસ્ટનાં ઉદ્દેશો તેમજ હેતુઓની પ્રવૃતિઓ માટે નાણાકીય મદદ તેમજ સહાય પ્રથમ પક્ષકાર નં. ૧ દ્વારા હાથ ધરવામાં આવેલ ત્યાં સુધી ચાલુ રાખવામાં આવેલ. માં ફાઉન્ડેશન નામના ટ્રસ્ટ કે જે આ કામના પ્રથમ પક્ષકાર નંબર–૨ છે. તે ટ્રસ્ટ તરફથી તારીખ ૦૧.૦૧.૨૦૦૮ થી જ્યાં સુધી પ્રથમ પક્ષકાર નં. ૧ તરફથી આ પ્રવૃતિ ચાલુ રાખવામાં આવેલ ત્યાં સુધી આર્થિક સહાય પૂરી પાડવામાં આવેલ અને આમ પ્રથમ પક્ષકાર નં.–ર તરફથી પ્રથમ પક્ષકાર નં.૧ને તેની ઉપર દર્શાવેલ પ્રવૃતિઓ હાથ ધરવા માટે ફકત આર્થિક અને નાણાકીય સહાય જ કરવામાં આવેલ છે. પ્રથમ પક્ષકાર દ્વારા ઉપર દર્શાવેલ જે તે પ્રવૃતિઓ હાથ ધરવા માટે એજ્યુકેશન કો–ઓર્ડિનેટરોની સેવા માટેની નિમણૂક પ્રથમ પક્ષકાર નં.–૧ કરતાં હતા અને તેમના મહેનતાણુ નક્કી કરવાની તેમજ તેની ચુકવણી પણ પ્રથમ પક્ષકાર નં.–૧ જ કરતાં હતા અને તેમાં પ્રથમ પક્ષકાર નં.–રને કોઈ લેવા દેવા, નિસ્બત, સંબંધ કે તાલ્લુક ન હતા. પ્રથમ પક્ષકાર નં.ર તરફથી તારીખ ૩૧.૦૩.૨૦૧૯ બાદ પ્રથમ પક્ષકાર ન.૧ને તેની ઉપર દર્શાવેલ કેન પ્રોજેકટ કપરાડા તાલુકા માટેની પ્રવૃતિઓ માટે આર્થિક સહાય આપવામાં આવેલ નથી અને પ્રથમ પક્ષકાર નં.–૧ તેની ઉપર દર્શાવેલ તમામ પ્રવૃતિઓનું સંચાલન, વ્યવસ્થાપન, વહીવટ પોતાની રીતે કરતાં હતા અને તેમાં પ્રથમ પક્ષકાર નં.–ર ને કોઈ નિસ્બત ન હતી. બીજા પક્ષકાર તરફથી તેઓની પ્રથમ પક્ષકાર નં.–૧ સંસ્થા ટ્રસ્ટમાં નિમણૂક, બજાવેલ સેવાનો ગાળો, મળતા વેતન તેમજ અન્ય માંગણીઓ કે સેવા સમાપ્તિ સંબંધેની જે માહિતીઓ, વિગતો, રજૂઆતો, આક્ષેપો, માંગણીઓ કરવામાં આવેલ છે, તે બાબતે પ્રથમ પક્ષકાર નં.–ર ને કોઈ જાતમાહિતી નથી કારણકે તે તમામ બાબતો પ્રથમ પક્ષકાર નં.–ર ના કાર્યક્ષેત્રની નથી. બીજા પક્ષકારની નિમણૂક પ્રથમ પક્ષકાર નં.–૧ દ્વારા જ કરવામાં આવેલ અને બીજા પક્ષકારની સેવાનો પૂરો સમય પ્રથમ પક્ષકાર નં.–૧ ના નેજા હેઠળ જ રહેલ હતો અને બીજા પક્ષકારની સેવાની તમામ શરતો સંબંધે પ્રથમ પક્ષકાર નં.–૧ જ કર્તાહર્તા હતા. પ્રથમ પક્ષકાર નં.–૧ ટ્રસ્ટ દ્વારા તેઓનો ઉપર દર્શાવેલ પ્રવૃતી કપરાડા કેન પ્રોજેકટ તારીખ ૩૧.૦૩.૨૦૧૯ ના કામકાજના કલાકો બાદથી ડીસકંટીન્યુ યાને બંધ કરવાનો નિર્ણય લેવામાં આવેલ અને તે સંબંધે પ્રથમ પક્ષકાર નં.–૧ દ્વારા તેના તમામ એજ્યુકેશન કો–ઓર્ડિનેટરો સાથે મિટિંગ તારીખ ૩૦.૧૦.૨૦૧૮ ના રોજ રાખવામાં આવેલ અને તે મિટિંગ દ્વારા તે તમામને ૫ (પાંચ) મહિનાઓ બાદ એટલેકે તારીખ ૩૧.૦૩.૨૦૧૯ બાદ એટલેકે તારીખ ૦૧.૦૪.૨૦૧૯ થી તેઓ તમામની સેવા સમાંપ્તિની જાણકારી તેમજ માહિતી આપવામાં આવેલ, અને તે બાબતની સંમતિ સૂચક સહીઓ પણ તે તમામ હાજર પ્રથમ પક્ષકારના એજ્યુકેશન કો–ઓર્ડિનેટરો દ્વારા કરવામાં આવેલ હોવાની જાણકારી તેમજ માહિતી, પ્રથમ પક્ષકાર નં.–ર ને પ્રથમ પક્ષકાર નં.–૧ દ્વારા આપવામાં આવેલ છે. બીજા પક્ષકારની સેવા સમાપ્તિ પ્રથમ પક્ષકાર નં.–૧ દ્વારા આણવામાં આવેલ હોય, પ્રથમ પક્ષકાર ન.–ર વિરુધ્ધ બીજા પક્ષકાર કોઈ દાદ માંગવા કે મેળવવા માટે હક્કદાર બનતા નથી. બીજા પક્ષકાર દ્વારા માંગણાના નિવેદન દ્વારા જે દાદ માંગવામાં આવેલ છે તેવી દાદ બીજા પક્ષકાર પ્રથમ પક્ષકાર નં.–ર પાસે ઉપરના સંજોગો તેમજ હકીકતમાં માંગવા કે મેળવવા માટે કાયદા કે હકીકતમાં હક્કદાર બનતા નથી અને બીજા પક્ષકારનો હાલનો રેફરન્સ ખર્ચ સહિત રદ કરવા અરજ કરેલ છે.

(૬)આ કામના બીજા પક્ષકાર તરફે નીચે મુજબનો મૌખિક પુરાવો રજુ કરવામાં આવેલ છે. તેમજ આ કામના પ્રથમ પક્ષકાર નં.૧ તથા ૨ તરફે કોઇ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવો રજુ કરવામાં આવેલ નથી.

<u>–: બીજા પક્ષકારનો મૌખિક પુરાવો :–</u>

૧.	આંક– ૧૬ થી બીજા પક્ષકાર **કલ્પનાબેન હરેશભાઈ ભોયા**નું પુરાવા સોગંદનામું.

-: બીજા પક્ષકાર નો આંક-૮ થી દસ્તાવેજી પુરાવો :-

આંક/નિ.	દસ્તાવેજોની વિગત	તારીખ
૮/૧	પ્રથમ પક્ષકાર સંસ્થાઓને માંગણાનું નીવેદન મોકલાવેલ કવરીંગ પત્રની નકલ	૩૦-૦૯-૨૦
૮/૨	પ્રથમ પક્ષકાર નંબર-૧ ને માંગણા નીવેદન કવરીગ લેટર સાથે મળી ગયા બાબતનું પોષ્ટ ખાતાનું કન્સાઇનમેન્ટ ડીલીવરી રીપોર્ટની નકલ	
૮/૩	પ્રથમ પક્ષકાર નંબર-૧ ને માંગણા નીવેદન કવરીગ લેટર સાથે મળી ગયા બાબતનું પોષ્ટ ખાતાનું કન્સાઇનમેન્ટ ડીલીવરી રીપોર્ટની નકલ	

-: પ્રથમ પક્ષકાર નંબર-૧ તરફે આંક-૧૪ થી દસ્તાવેજી પુરાવો :-

આંક નીશાની	દસ્તાવેજની વિગત	તારીખ
૧૪/૧	પ્રથમ પક્ષકાર નંબર-૧ સંસ્થાનું ટ્રસ્ટ ડીડ	૦૫-૧૧-૨૦૦૭
૧૪/૨	પ્રથમ પક્ષકાર નંબર-૧ ટ્રસ્ટનો દાખલો	૧૨-૧૨-૨૦૦૭
૧૪/૩	પ્રથમ પક્ષકાર નંબર-૧ તરફથી કપરાડા કેન પ્રપજેકટ બંધ કરવા સબંધે બીજા પક્ષકાર સહિતના અન્ય કો-ઓર્ડીનેટરોની મીટીંગમાં લેવાયેલ નીર્ણયની નકલ	૩૦-૧૦-૨૦૧૮

-: પ્રથમ પક્ષકાર નંબર-૨ તરફે આંક-૧૫ થી દસ્તાવેજી પુરાવો :-

આંક નીશાની	દસ્તાવેજની વિગત	તારીખ
૧૫/૧	પ્રથમ પક્ષકાર નંબર-૨ સંસ્થાનું ટ્રસ્ટ ડીડ	૦૧-૦૭-૨૦૦૫
૧૫/૨	પ્રથમ પક્ષકાર નંબર-૧ ટ્રસ્ટનો નોંધણીનો દાખલો	૧૫-૦૯-૨૦૦૫

(૭) આ કામે અત્રેની કોર્ટ દ્વારા આંક-૦૨ થી સુનાવણીની નોટિસ કાઢવામાં આવેલ છે. જે નોટીસ પક્ષકારોને બજી ગયેલ છે. ત્યારબાદ આંક-૦૬ થી બીજા પક્ષકાર તરફે યુનિયન પ્રતિનિધીશ્રી એમ.એચ.સંઘરિયાતનું અધિકારપત્ર રજુ થયેલ છે. ત્યારબાદ આંક-૯,૧૦ થી પ્રથમ પક્ષકાર નં.૧,૨ તરફે એમ.એન. પારેખનું વકીલપત્ર રજુ કરવામાં આવેલ છે. ત્યારબાદ આંક-૨૦ થી બીજા પક્ષકાર તરફે કલોઝીંગ પુરસીસ રજુ થયેલ છે. ત્યારબાદ પ્રથમ પક્ષકાર નં.૧ તથા ૨ તરફે અનુક્રમે આંક-૨૩ તથા ૨૪ થી મૌખીક પુરાવો રજુ કરવો ન હોય તે બાબતે કલોઝીંગ જાહેર કરેલ છે. ત્યારબાદ આંક-૨૫ થી બીજા પક્ષકાર તરફે લેખિત દલીલ રજુ કરવામાં આવેલ છે. ત્યારબાદ બંને પક્ષકારો તરફે મૌખીક દલીલો સાંભળવામાં આવેલ છે. ત્યારબાદ સદર કામ હુકમ ઉપર લેવામાં આવેલ છે.

(૮)સમગ્ર કેસનું રેકર્ડ ધ્યાને લેતા, આ કેસના ન્યાય નિર્ણય માટે નીચે મુજબનાં મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

-:: મુદ્દાઓ :-

મુદ્દા નં. ૧

શું બીજા પક્ષકાર પુરવાર કરે છે કે, પ્રથમ પક્ષકાર નંબર-૧ સંસ્થાનો ઉદ્યોગમાં સમાવેશ થાય છે.?

મુદ્દા નં. ૨

શુ બીજા પક્ષકાર પુરવાર કરે છે કે તેઓ પ્રથમ પક્ષકાર સંસ્થાઓના કામદાર છે અને તેઓએ સળંગ નોકરી કરેલ છે.?

મુદ્દા નં.૩

શુ બીજા પક્ષકાર પુરવાર કરે છે કે તેઓને પ્રથમ પક્ષકાર દ્વારા ગેરકાયદેસર રીતે છુટા કરવામાં આવેલ છે.?

મુદ્દા નં.૪

શુ બીજા પક્ષકાર પુરવાર કરે છે કે તેઓ પડેલા દિવસોનાં પગાર સહીત નોકરીમાં પુન: સ્થાપિત થવા હક્કદાર થાય છે?

મુદ્દા નં. ૫ : શું હુકમ ?

ઉપરોક્ત મુદ્દાઓનો જવાબ નીચે મુજબ છે.

મુદ્દા નં. ૧ : હકારમાં.

મુદ્દા નં. ૨ : હકારમાં (પ્રથમ પક્ષકાર નંબર-૧ના)

મુદ્દા નં. ૩ : નકારમાં

મુદ્દા નં. ૪ : અંશતઃ હકારમાં

મુદ્દા નં. ૫ : આખરી હુકમ મુજબ

-: કારણો :-

મુદ્દા નં. ૧ :-

(૯) હવે ઉપસ્થિત કામનું વધુ રેકર્ડ જોતાં બીજા પક્ષકારે આંક-૧૪ થી માંગણા નીવેદનના સમર્થનમાં પુરાવા સોગંદનામુ રજુ કરેલ છે. જે મુજબ બીજા પક્ષકાર પ્રથમ પક્ષકાર સંસ્થામાં ૦૨ વર્ષથી કો.ઓર્ડીનેશન ખાતામાં કોઓર્ડીનર તરીકે દાખલ થયેલ, અને તેઓને પ્રથમ પક્ષકાર સંસ્થામાં માઁ ફાઉન્ડેશન દ્વારા રાખવામાં આવેલ અને ત્યારબાદ એજયુકેશન ફર્સ્ટ ચેરીટેબલ ટ્રસ્ટના નામ હેઠળ તેમની પાસેથી કામગીરી કરાવેલ. તેમને કામની સુચના માઁ ફાઉન્ડેશનના અધિકારીઓ આપતાં હતા. અને જયારે તેમના પગાર માઁ ફાઉન્ડેશન દ્વારા એજયુકેશન ફર્સ્ટ ચેરીટેબલ ટ્રસ્ટને કરવામાં આવે અને ત્યારબાદ તે ચુકવતા હતા. વધુમાં બીજા પક્ષકારની રજુઆત છે કે પ્રથમ પક્ષકાર સંસ્થાનો ઉધોગની વ્યાખ્યામાં સમાવેશ થાય છે.

(૧૦) જયારે આ કામે પ્રથમ પક્ષકાર નં.૧ સંસ્થા તરફે જણાવેલ છે કે, પ્રથમ પક્ષકાર સંસ્થા એક ચેરીટેબલ ટ્રસ્ટ છે અને તેનો ઉદ્દેશ કોઈ નફો કે આવક મેળવવા માટેનો નથી, અને ફક્ત વલસાડ જિલ્લાના અંતરિયાળ વિસ્તારના તેમજ અભ્યાસમાં નબળા વિધ્યાર્થીઓના અભ્યાસ અને શિક્ષણનો વ્યાપ

વધારવાનો અને સરકારશ્રી અને સરકારી શાળાઓને એક પ્રકારનો શૈક્ષણિક કાર્યમાં સહાય અને ટેકો તેમજ અભ્યાસમાં નબળા તેમજ આર્થિક રીતે નબળા વર્ગના વિધ્યાર્થીઓની પ્રગતિ તેમજ ઉન્નતિ થાય તેવા ઉમદા સમાજ સેવાના અને શૈક્ષણિક હેતુ અને ઉદ્દેશો અને કાર્યો માટે પ્રથમ પક્ષકાર નં–૧ સંસ્થાની સ્થાપના ટ્રસ્ટ તરીકે કરવામાં આવેલ છે. પ્રથમ પક્ષકાર સંસ્થા ન.–૧ ટ્રસ્ટને ઓધ્યોગિક વિવાદ અધિનિયમ–૧૯૪૭ ની જોગવાઈઓ લાગુ પડતી ન હોય કેમ કે ઓધ્યોગિક/કોમર્શિયલ/ઉત્પાદકીય/વ્યાપારિક/અર્થ ઉપાર્જનની/પ્રવૃતિ કરતાં ન હોય તેમજ પ્રથમ પક્ષકાર ન.૧ સંસ્થા ટ્રસ્ટ નોન પ્રોફિટ મેઈકિંગ, નોન કોમર્શિયલ, ચેરીટેબલ, સાર્વજનિક,એન.જી.ઓ. હોય અને તેના ઉદ્દેશો તેમજ હેતુ સમાજ સેવા અને શિક્ષણ અને અભ્યાસના પ્રસાર તેમજ વ્યાપકતા વધારી નબળા બાળકોને તેમજ પછાત વિસ્તારના વિધ્યાર્થીઓને મદદરૂપ થવાનો હોય, પ્રથમ પક્ષકાર સંસ્થાની પ્રવૃતિઓનો સમાવેશ ઓધ્યોગિક વિવાદ અધિનિયમ–૧૯૪૭ની કલમ ૨(જે)માં થતો નથી. વધુમાં જણાવેલ છે કે, પ્રથમ પક્ષકાર ટ્રસ્ટનાં ઉદ્દેશો તેમજ હેતુઓની પ્રવૃતિઓ માટે નાણાકીય મદદ તેમજ સહાય માં ફાઉન્ડેશન નામના ટ્રસ્ટ કે જે આ કામના પ્રથમ પક્ષકાર નંબર–૨ છે, તે ટ્રસ્ટ તરફથી તારીખ ૦૧.૦૧.૨૦૦૮ થી જ્યાં સુધી પ્રથમ પક્ષકાર નં.૧ તરફથી આ પ્રવૃતિ ચાલુ રાખવામાં આવેલ ત્યાં સુધી આર્થિક સહાય પૂરી પાડવામાં આવેલ. પ્રથમ પક્ષકાર નંબર ૧ ટ્રસ્ટ સંસ્થાની શેક્ષણિક તેમજ અભ્યાસને પ્રોત્સાહન આપવાની પ્રવૃતિઓ સંપૂર્ણપણે આ કામના પ્રથમ પક્ષકાર નંબર–૨ ટ્રસ્ટ માં ફાઉન્ડેશનના આર્થિક અને નાણાકીય સહાય અને મદદ અને ટેકા પર જ આધારીત અને નિર્ભર હતી. જયારે પ્રથમ પક્ષકાર નં.૨ સંસ્થા તરફે જણાવેલ છે કે, પ્રથમ પક્ષકાર નં.૨ જે પણ એક સાર્વજનિક નોન પ્રોફિટેબલ ચેરિટેબલ ટ્રસ્ટ હોય, પ્રથમ પક્ષકાર નં.–૨ તરફથી, પ્રથમ પક્ષકાર નં.–૧ને ઉપર દર્શાવેલ પ્રવૃતિઓ હાથ ધરવા માટે, પ્રથમ પક્ષકાર નં. ૨ ટ્રસ્ટનાં ઉદ્દેશો તેમજ હેતુઓની પ્રવૃતિઓ માટે નાણાકીય મદદ તેમજ સહાય પ્રથમ પક્ષકાર નં. ૧ દ્વારા હાથ ધરવામાં આવેલ ત્યાં સુધી ચાલુ રાખવામાં આવેલ. માં ફાઉન્ડેશન નામના ટ્રસ્ટ કે જે આ કામના પ્રથમ પક્ષકાર નંબર–૨ છે તે ટ્રસ્ટ તરફથી તારીખ ૦૧.૦૧.૨૦૦૮ થી જ્યાં સુધી પ્રથમ પક્ષકાર નં. ૧ તરફથી આ પ્રવૃતિ ચાલુ રાખવામાં આવેલ ત્યાં સુધી આર્થિક સહાય પૂરી પાડવામાં આવેલ અને આમ પ્રથમ પક્ષકાર નં.–૨ તરફથી પ્રથમ પક્ષકાર નં.૧ને તેની ઉપર દર્શાવેલ પ્રવૃતિઓ હાથ ધરવા માટે ફકત આર્થિક અને નાણાકીય સહાય જ કરવામાં આવેલ છે.

(૧૧)સદર કામે પ્રથમ પક્ષકાર તરફે તેઓની રજુઆતના સમર્થનમાં નામદાર દિલ્હી હાઈકોર્ટનો ચુકાદો Satishkumar vs. Holistic Child Development India and Others. રજુ કરેલ છે જેમાં નામદાદર હાઈકોર્ટે ઠરાવેલ છે કે, So far as the claim of the petitioner that the respondent is "industry", as mentioned above, the admitted pleadings are to the effect that the respondent is a public charitable trust, engaged in amelioration of poor, orphaned, abandoned and destitute children. The onus to prove that the respondent is "industry" was on the petitioner but he did not lead any evidence on this aspect. The situs of the burden to prove as to whether the establishment in which the claimant was working is or is not an "industry" is no longer res integra. In the case of State of Gujarat vs Pratamsingh Narsinh Parmar, (2001) 9 SCC 713, the Supreme Court specifically held that if a dispute arises as to whether a particular establishment or part thereof wherein an appointment had been made is or is not "industry", it would be for the person concerned who claims the same to be "industry", to give positive facts for coming to conclusion that it was "industry". In the present case, since the petitioner did not lead any positive evidence to show that the respondent constitute an "industry". On the contrary, in his chief examination affidavit, the witness MW1 examined by the respondent categorically deposed that the respondent is a charitable

institution and their object is to help poor and orphaned children, so it is not an "industry" within the meaning of Section 2(j) of the Act.

(૧૨) હવે પ્રથમ પક્ષકાર સંસ્થાઓનો ઉધોગની વ્યાખ્યામાં સમાવેશ થાય છે કે કેમ તે બાબતે નામદાર સુપ્રીમ કોર્ટનો ચુકાદો **BANGALORE WATER-SUPPLY & SEWERAGE BOARD, ETC.Vs.R. RAJAPPA & OTHERS** માં ઠરાવેલ નીચે મુજબના સિધ્ધાંતો ધ્યાને લેવા જરૂરી છે. સદર ચુકાદામાં ઠરાવેલ છે કે,

Industry', as defined in sec. 2(j) and explained in Banerji (supra), has a wide import.

(a) Where (i) systematic activity, (ii) organized by co-operation between employer and employee (the direct and substantial element is chimerical) (iii) for the production and/or distribution of goods and services calculated to satisfy human wants and wishes (not spiritual or religious but inclusive of material things or services geared to celestial bliss e.g. making, on a large scale passed or food), prima facie, there is an 'industry' in that enterprise. (b) Absence of profit motive or gainful objective is irrelevant, be the venture in the public, joint, private or other sector. (c) The true focus is functional and the decisive test is the nature of the activity with special emphasis on the employer-employee relations. (d) If the organization is a trade or business it does not cease to be one because of philanthropy animating the undertaking.

Although sec. 2(j) uses words of the widest amplitude in its two limbs, their meaning cannot be magnified to overreach itself. (a) 'Undertaking' must suffer a contextual and associational shrinkage as explained in Banerji (supra) and in this judgment; so also, service, calling and the like. This yields the inference that all organized activity possessing the triple elements in I (supra), although not trade or business, may still be 'industry' provided the nature of the activity, viz. the employer-employee basis, bears resemblance to what we find in trade or business. This takes into the fold of 'industry' undertakings, callings and services, adventures 'analogous to the carrying on the trade or business'. All features, other than the methodology of carrying on the activity viz. in organizing the co-operation between employer and employee, may be dissimilar. It does not matter, if on the employment terms there is analogy.

Application of these guidelines should not stop short of their logical reach by invocation of creeds, cults or inner sense of incongruity or outer sense of motivation for or resultant of the economic operations. The ideology of the Act being industrial peace, regulation and resolution of industrial disputes between employer and workmen, the range of this statutory ideology must inform the reach of the statutory definition. Nothing less, nothing more. (a) The consequences are (i) professions, (ii) clubs, (iii) educational institutions, (iv) co-operatives, (v) research institutes (vi) charitable projects and (vii) other kindred

adventures, if they fulfil the triple tests listed in I (supra), cannot be exempted from the scope of sec. 2(j). (b) A restricted category of professions, clubs, co-operatives and even gurukulas and little research labs, may qualify for exemption if, in simple ventures, substantially and, going by the dominant nature criterion, substantively, no employees are entertained but in minimal matters, marginal employees are hired without destroying the non-employee character of the unit. (c) If, in a pious or altruistic mission many employ themselves, free or for small honoraria or like return, mainly drawn by sharing in the purpose or cause, such as lawyers volunteering to run a free legal services clinic or doctors serving in their spare hours in a free medical centre or ashramites working at the bidding of the holiness, divinity or like central personality, and the services are supplied free or at nominal cost and those who serve are not engaged for remuneration or on the basis of master and servant relationship, then, the institution is not an industry even if stray servants, manual or technical, are hired. Such eleemosynary or like undertakings alone are exempt - not other generosity, compassion, developmental passion or project.

The dominant nature test '. (a) Where a complex of activities, some of which qualify for exemption others not, involves employees on the total undertaking, some of whom are not 'workmen' as in the University of Delhi case (supra) or some departments are not productive of goods and services if isolated, even then, the predominant nature of the services and the integrated nature of the departments as explained in the Corporation of Nagpur (supra), will be the true test. The whole under- taking will be 'industry' although those who are not 'workmen' by definition may not benefit by the status. (b) Notwithstanding the previous clauses, sovereign functions, strictly understood, (alone) qualify for exemption, not the welfare activities or economic adventures undertaken by government or statutory bodies. (c) Even in departments discharging sovereign functions, if there are units which are industries and they are substantially severable, then they can be considered to come within sec. 2(j). (d) Constitutional and competently enacted legislative provisions may well remove from the scope of the Act categories which otherwise may be covered thereby.

(૧૩) સદર કામે પ્રથમ પક્ષકાર તરફે તેમના જવાબના સમર્થનમાં કોઇ સોગંદ પર પુરાવો રજુ કરેલ નથી. વધુમાં પ્રથમ પક્ષકાર સંસ્થાઓની કામગીરી જોવામાં આવે તો તેમના જવાબ મુજબ વલસાડ જિલ્લાના અંતરિયાળ વિસ્તારના તેમજ અભ્યાસમાં નબળા વિધ્યાર્થીઓના અભ્યાસ અને શિક્ષણનો વ્યાપ વધારવાનો અને સરકારશ્રી અને સરકારી શાળાઓને એક પ્રકારનો શૈક્ષણિક કાર્યમાં સહાય અને ટેકો તેમજ અભ્યાસમાં નબળા તેમજ આર્થિક રીતે નબળા વર્ગના વિધ્યાર્થીઓની પ્રગતિ તેમજ ઉન્નતિ થાય તેવા ઉમદા સમાજ સેવાના અને શૈક્ષણિક હેતુ અને ઉદ્દેશો અને કાર્યો માટે તેમજ સમાજ સેવા અને શિક્ષણ અને

અભ્યાસના પ્રસાર તેમજ વ્યાપકતા વધારી નબળા બાળકોને તેમજ પછાત વિસ્તારના વિધ્યાર્થીઓને મદદરૂપ થવાની જણાવેલ છે. તેમજ પ્રથમ પક્ષકાર નં.ર ની રજુઆત મુજબ તેઓ એક સાર્વજનિક નોન પ્રોફિટેબલ ચેરિટેબલ ટ્રસ્ટ હોય, પ્રથમ પક્ષકાર નં. ૨ ટ્રસ્ટનાં ઉદ્ધેશો તેમજ હેતુઓની પ્રવૃતિઓ માટે નાણાકીય મદદ તેમજ સહાય પ્રથમ પક્ષકાર નં. ૧ દ્બારા હાથ ધરવામાં આવેલ ત્યાં સુધી ચાલુ રાખવામાં આવેલ. માં ફાઉન્ડેશન ટ્રસ્ટ તરફથી તારીખ ૦૧.૦૧.૨૦૦૮ થી જ્યાં સુધી પ્રથમ પક્ષકાર નં. ૧ તરફથી આ પ્રવૃતિ ચાલુ રાખવામાં આવેલ ત્યાં સુધી આર્થિક સહાય પૂરી પાડવામાં આવેલ પ્રથમ પક્ષકાર નં.–૨ તરફથી પ્રથમ પક્ષકાર નં.૧ને તેની ઉપર દર્શાવેલ પ્રવૃતિઓ હાથ ધરવા માટે ફકત આર્થિક અને નાણાકીય સહાય જ કરવામાં આવેલ છે તેવુ જણાવેલ છે. આમ, પ્રથમ પક્ષકાર તરફેની રજુઆતો જોવામાં આવે તો પ્રથમ પક્ષકાર નંબર–૧ સંસ્થા સંસ્થા વિવિધ રીતે દાન પણ મેળવે છે. અને તેમની કામગીરી જોતા તે ઉપરોકત નામદાર સુપ્રીમ કોર્ટના ચુકાદા બેંગલોર વોટર સપ્લાય વિ. રાજપ્પા ના ચુકાદામાં જણાવેલ સિધ્ધાંતોને અનુરૂપ જણાય છે. જયારે પ્રથમ પક્ષકાર તરફે રજુ કરવામાં આવેલ ચુકાદા મુજબ તેમાં જણાવેલ સંસ્થાના ઉદેશો અલગ જણાય છે અને જે કેસની હકીકત હાલના કેસની હકિકતથી તદ્દન ભીન્ન છે. જેથી બીજા પક્ષકાર તરફે રજુ થયેલ ચુકાદા મુજબ તેમાં જણાવેલ ટ્રીપલ ટેસ્ટ ધ્યાને લેતા પ્રથમ પક્ષકાર નંબર–૧ સંસ્થાનો ઉદ્યોગની વ્યાખ્યામાં સમાવેશ થાય છે. જેથી મુદ્દા નંબર–૧ નો જવાબ હકારમાં આપુ છુ.

મુદ્દા નંબર–૨

શુ બીજા પક્ષકાર પુરવાર કરે છે કે તેઓ પ્રથમ પક્ષકાર સંસ્થાઓના કામદાર છે અને તેઓએ સળંગ નોકરી કરેલ છે.?

(૧૪)હાલના કામે પ્રથમ પક્ષકાર નંબર–૧ ની એવી રજુઆત છે કે પ્રથમ પક્ષકાર નંબર–૧ ટ્રસ્ટનાં ઉદ્ધેશો તેમજ હેતુઓ પૂરા પાડવા માટે તેમજ તેના પાલન અને અમલ માટે, પ્રથમ પક્ષકાર નંબર–૧ ટ્રસ્ટ તરફથી એજ્યુકેશનર કો–ઓર્ડિનેટરની નિમણૂકો કરવામાં આવેલ અને તેવા એજ્યુકેશન કો–ઓરડીનેટરોને મહેનતાણુંની ચુકવણી પ્રથમ પક્ષકાર નંબર–૧ ટ્રસ્ટ તરફથી કરવામાં આવતી હતી અને આવા એજયુકેશનર કો–ઓર્ડિનેટરની નિમણૂક, કામગીરી પર દેખરેખ, કામગીરીની વહેચણી, કામની સોપણી, કામની પધ્ધતિ, કામનું આયોજન વિગેરે તમામ બાબતો પ્રથમ પક્ષકાર નંબર–૧ ટ્રસ્ટ દ્બારા જ હાથ ધરવામાં આવતી હતી, અને તે સંબંધમાં પ્રથમ પક્ષકાર નંબર–૨ ટ્રસ્ટનો કોઈ હસ્તક્ષેપ ન હતો. હવે પ્રથમ પક્ષકારની દલીલ મુજબ બીજા પક્ષકારની કામગીરી જોતા તેઓ શીક્ષક તરીકેની કામગીરી કરતા હોય તેઓનો સમાવેશ કામદારની વ્યાખ્યામાં થતો નથી. હવે સદર કામે બીજા પક્ષકારે તેમની રજુઆતના સમર્થનમાં આંક–૧૮ થી પુરાવા સોગંદનામુ રજુ કરેલ છે. અને ત્યારબાદ પ્રથમ પક્ષકાર તરફે કરવામાં આવેલ ઉલટ તપાસમાં જણાવેલ છે કે**, એ વાત ખરી છે કે, અમો ને પ્ર.પ.નં. ૧ સંસ્થા એ કોઓર્ડિનેટર તરીકે રાખ્યા હતા અને પ્ર.પ. નં.૧ નાઓ અમોને માનદ વેતનની ચુકવણી કરતા હતા. એ વાત ખરી છે કે, આ ચુકવણી અમારા બેક ના ખાતા માં થતી હતી. અમારું કામ એવું હતું કે અમારે સરકારી પ્રાથમિક શાળાઓમાં જઈને વિદ્યાર્થીઓના શિક્ષણ અને ઈતર પ્રવૃત્તિઓ સંબંધીની કામગીરી કરવાની હતી. એ વાત ખરી છે કે આ કામે પ્રથમ પક્ષકાર નંબર–૨ દ્બારા કોઈની નિમણૂક પત્ર આપવામાં આવેલ હોવા બાબતનો કોઈ પુરાવો આ કામે રજૂ કરેલો નથી. એ વાત ખરી છે કે પ્રથમ પક્ષકાર નંબર–૦૧ અને પ્રથમ પક્ષકાર નંબર–૦૨ બંને ટ્રસ્ટો અલગ અલગ છે. અમો પ્રથમ પક્ષકાર સંસ્થાની નોકરીમાં સર્વે કરતા હતા કે ગામમાં ટોટલ વસ્તી તથા કેટલા લોકો કામે જાય છે અને કેટલા લોકો શિક્ષણ મેળવે છે તે બાબતની હતી.**

(૧૫) ઉપરોકત બીજા પક્ષકારની ઉલટ તપાસ જોવામાં આવે તો તેઓની કામગીરી મુખ્યત્વે પ્રથમ પક્ષકાર નંબર–૧ સંસ્થાના કો–ઓર્ડીનેટર તરીકેની હતી અને તેમાં શીક્ષણ અને તે સબંધેની ઈતર પ્રવૃતીનો પણ સમાવેશ થતો હતો. વધુમાં બીજા પક્ષકારે પ્રથમ પક્ષકાર સંસ્થાની નોકરીમાં સર્વે અંગેની કામગીરી પણ કરવાની રહેતી હતી. જે તમામ કામગીરી જોતા બીજા પક્ષકાર સીધી રીતે માત્ર શીક્ષણ અંગેના કાર્યમાં જોડાયેલ હોય કે શીક્ષક તરીકે કામગીરી કરતા હોય તેવુ જણાવેલ નથી. વધુમાં પ્રથમ પક્ષકાર તરફે એવી રજુઆત કરવામાં આવેલ છે કે બીજા પક્ષકાર તેઓની સંસ્થામાં શીક્ષક તરીકે કામગીરી કરતા હોય તેઓનો કામદારની વ્યાખ્યામાં સમાવેશ થતો નથી. પરંતુ આ બાબતે પ્રથમ પક્ષકાર તરફે બીજા પક્ષકાર શીક્ષક તરીકે નોકરી કરતા હોય તે બતાવવા કોઈ દસ્તાવેજી પુરાવો રજુ કરેલ નથી. વધુમાં કો–ઓર્ડીનેટરની ફરજ માત્ર શીક્ષક તરીકે શીક્ષણ આપવાની હોય તેવી પણ પ્રથમ પક્ષકારની રજુઆત નથી. જેથી બીજા પક્ષકારનો સમાવેશ આઈ.ડી. એકટની કલમ ૨(એસ) મુજબ કામદારની વ્યાખ્યામાં થાય છે. તેમજ બીજા પક્ષકાર પ્રથમ પક્ષકાર નંબર–૨ સંસ્થામાં કામ કરતા હોય કે તેઓ તેમને પગાર આપતા હોય કે તેમની સીધી દેખરેખ અને નીયંત્રણ હેઠળ કામ કરતો હોય તેવુ બીજા પક્ષકારનું કહેવુ નથી. જેથી બીજા પક્ષકાર પ્રથમ પક્ષકાર નંબર–૨ ના કામદાર હોવાનું જણાતુ નથી પરંતુ પ્રથમ પક્ષકાર નંબર–૧ ના કામદાર હોવાનું પુરવાર થાય છે. વધુમાં બીજા પક્ષકારને પ્રથમ પક્ષકાર નંબર–૧ સંસ્થામાં તેઓને છુટા કરતા પહેલા સળંગ નોકરી કરેલ નથી તેવી પ્રથમ પક્ષકાર નંબર–૧ ની કોઈ તકરાર નથી. જે સમગ્ર હકિકત જોતા બીજા પક્ષકાર પ્રથમ પક્ષકાર નંબર–૧ ના કામદાર હોવાનું પુરવાર થતુ હોય તેમજ સળંગ નોકરી કરેલ હોવાનું પુરવાર થતુ હોય જેથી **મુદ્દા નંબર–૨** નો જવાબ હું **હકારમાં** આપુ છુ.

મુદ્દા નંબર–૩

શુ બીજા પક્ષકાર પુરવાર કરે છે કે તેઓને પ્રથમ પક્ષકાર દ્વારા ગેરકાયદેસર રીતે છુટા કરવામાં આવેલ છે.?

(૧૬) હવે હાલના કામે બીજા પક્ષકારની રજુઆત છે કે બીજા પક્ષકાર કામદાર તથા અન્ય સાથી કામદારો વર્ષોથી પ્રથમ પક્ષકાર સંસ્થામાં ફરજો બજાવતા હોવા છતાં તેમના પ્રોવિડન્ડ ફંડના પ્રશ્નનો વારંવાર માંગણી છતા નિકાલ કરેલ નહિ. તેમજ પગારમાં કામદારોની નોકરી વર્ષ અને અનુભવના આધારે ગ્રેડેશન કરવાની માંગણી પ્રથમ પક્ષકાર સંસ્થા પાસે કરેલ હતી. બીજા પક્ષકાર તથા અન્ય સાથી કામદારો દ્વારા પ્રથમ પક્ષકાર સંસ્થાને પ્રોવિડંડ ફંડ અને ગ્રેડેશનની માંગણીઓ બાબતે યોગ્ય નિકાલ ન આવતા તે બાબતે કાયદેસર કાર્યવાહી કરવાનું જણાવેલ. બીજા પક્ષકાર તથા અન્ય કામદારોની માંગણીઓ બાબતે યોગ્ય જવાબ આપવાના બદલે પ્રથમ પક્ષકાર સંસ્થાના અધિકારીશ્રી વિરાજ શુકલ સાહેબ દ્વારા માંગણીઓની કિન્નાખોરી અને દ્વેષભાવ રાખી તા. ૧–૪–૨૦૧૯ના રોજથી છુટા કરેલ.

(૧૭)આ કામે પ્રથમ પક્ષકાર નંબર–૧ દ્વારા રજુઆત કરેલ છે કે, બીજા પક્ષકાર તેમજ અન્ય એજ્યુકેશન કો–ઓર્ડિનેટરોની સેવા સમાપ્તિ, પ્રથમ પક્ષકાર નં.૧ ટ્રસ્ટ દ્વારા તેની કપરાડા કેન પ્રોજેક્ટની પ્રવૃતિઓ હંમેશને માટે તારીખ ૦૧.૦૪.૨૦૧૯થી બંધ થવાના કારણે આણવામાં આવેલ, અને તે બાબતની જાણ–કારી તેમજ માહિતી બીજા પક્ષકાર સહિતના એજ્યુકેશન તમામ કો–ઓરડીનેટરોને તારીખ ૩૦.૧૦.૨૦૧૮ની મિટિંગમાં રૂબરૂમાં જણાવવામાં આવેલ કે તારીખ ૩૧.૦૩.૨૦૧૯ સુધી તેઓની સેવા ચાલુ રહેશે. આ કામના બીજા પક્ષકાર સહિત તમામ એજ્યુકેશન કો–ઓર્ડિનેટરો કે જેઓ પ્રથમ પક્ષકાર ન.–૧ સંસ્થામાં સેવામાં તારીખ ૩૧.૦૩.૨૦૧૯નાં રોજ હતા, તે તમામની સેવા સમાપ્તિ કપરાડા કેન પ્રો–

જેક્ટની પ્રથમ પક્ષકારની છેલ્લી પ્રવૃતિઓ હંમેશને માટે બંધ થતાં એક સાથે જ તારીખ ૩૧.૦૩.૨૦૧૯ ના રોજ આણવામાં આવેલ હોય, કોઈ સીનયોરિટી લિસ્ટ પ્રદર્શિત કરવાની કાયદા કે હકીકતમાં કોઈ આવશ્ય– કતા કે જરૂરિયાત ન હતી. તારીખ ૩૧.૦૩.૨૦૧૯ બાદ કપરાડા તાલુકામાં આ પ્રકારની પ્રવૃતિઓ ત્યાર– બાદ પ્રથમ પક્ષકાર નં. ૧ તરફથી શરૂ કરવામાં આવલ ન હતી.

(૧૮) હવે સદર કામે બીજા પક્ષકારે મદદનીશ મજુર કમીશનર સમક્ષ તારીખ ૧૧/૧૨/૨૦૧૯ ના રોજ ફરીયાદ અરજી કરેલ છે. ત્યારબાદ તે કામે પ્રથમ પક્ષકાર સંસ્થા વતી હાજર રહેલ છે પરંતુ સમાધાન શકય ન બનતા હાલનો રેફરન્સ કરવામાં આવેલ છે. હવે હાલના કામે પ્રથમ પક્ષકાર નંબર–૧ તરફે નીશાની ૧૪/૧ થી તેઓનું ટ્રસ્ટ ડીડ રજુ કરેલ છે. તેમજ નીશાની ૧૪/૨ થી પ્રથમ પક્ષકાકર નંબર–૧ ટ્રસ્ટનો નોંધણીનો દાખલો રજુ કરેલ છે. જે જોતા તે મદદનીશ ચેરીટી કમીશનરશ્રી, વલસાડ દ્રારા ૧૨/૧૨/૨૦૦૭ ના રોજ આપવામાં આવેલ છે. તેમજ નીશાની ૧૪/૩ થી પ્રથમ પક્ષકાર નંબર–૧ તર– ફથી કપરાડા કેન પ્રોજેકટ બંધ કરતા સમયે બીજા પક્ષકાર સહિતના અન્ય એજયુકેશન કો–ઓર્ડીનેટરોની મીટીંગમાં લેવાયેલ નીર્ણયનો રેકર્ડ રજુ કરેલ છે. જે જોતા તે તારીખ ૩૦/૧૦/૨૦૧૮ ના રોજનો છે. જેમાં બીજા પક્ષકારનું નામ તથા સહિ અને તારીખ લખેલ છે. તથા અન્ય વ્યકતિઓની સહિઓ છે. જેમાં જણા– વેલ છે કે એજયુકેશન ફસ્ટ ચેરીટેબલ ચેરીટેબલ ટ્રસ્ટ એક સ્વૈછીક અને શિક્ષણમાં કામ કરતું ચેરીટેબલ ટ્રસ્ટ છે જેના દ્રારા કપરાડા તાલુકાની સરકારી પ્રાથમિક શાળાઓમાં એજ્યુકેશન કોઓર્ડીનેટરો મારફતે કેન પ્રો– જેકટ કાર્યરત છે અને સંસ્થા દ્રારા કપરાડા તાલુકાનો પ્રોજેકટ ૧ એપ્રિલ ૨૦૧૯ થી બંધ કરવાનું નક્કી કરવામાં આવેલ છે જે માટે સદરહુ એજ્યુકેશન કોઓર્ડીનેટરોને આજરોજ તારીખ ૩૦.૧૦.૨૦૧૮ ને મંગળ– વાર ના રોજ મળેલ મીટીંગમાં જાણ કરવામાં આવે છે તથા આ બાબત એજયુકેશન ફર્સ્ટ ચેરીટેબલ ટ્રસ્ટ તરફથી મીટીંગમાં હાજર શ્રી ચેતનભાઈ ભાવસાર, શ્રી ગોવિંદભાઈ ચાવડા તથા સાક્ષી તરીકે હાજર રહેનાર શ્રી માધુભાઈ સરનાયક તેમજ નીચે સહી કરનાર હાજર સર્વ એજ્યુકેશન કો–ઓર્ડીનેટરોની હસંમતિથી કો– ઈપણ દાબ–દબાણ વિના નિર્ણય લેવામાં આવેલ છે. તથા આ સમયગાળા દરમિયાન ૩૧ માર્ચ ૨૦૧૯ સુધી એજ્યુકેશન કોઓર્ડીનેટરો દ્રારા એમને આપવામાં આવેલ શાળામાં એમને સોંપવામાં આવેલ કાર્ય ચાલુ રાખવામાં આવશે. ૧ એપ્રિલ ૨૦૧૯ થી એજ્યુકેશન કોઓર્ડીનેટરો દ્રારા સંસ્થા પર કપરાડા તાલુકામાં કામ ચાલુ રાખવા માટે કોઈપણ જાતનું દાબ–દબાણ કરવામાં આવશે નહીં અને તમામ કાર્યો બંધ કરવામાં આવશે. ૩૧ માર્ચ ૨૦૧ સુધીમાં કોઈને પણ બીજે નોકરી મળતા કે અન્ય કારણોસર સંસ્થામાં રાજીનામું આપીને જઈ શકે છે. ઉપર દર્શાવેલ તમામ બબાતોનો નિર્ણય મીટીંગમાં હાજર તમામ વ્યક્તિઓની સર્વ– સંમતિ તથા સહમતીથી કોઈપણ જાતના દાબ–દબાણ વગર લેવામાં આવેલ છે તથા જેઓ ગેરહાજર રહ્યા છે એમણે મીટીંગમાં રહેલા અને સર્વસંમતિથી લેવાયેલ નિર્ણયને માન્ય રાખેલ છે અને જે માટે નામોની સામે સહી કરેલ છે.

(૧૯) હવે બીજા પક્ષકારની ઉલટ તપાસમાં તેઓએ જણાવેલ છે કે, મને માર્ક ૧૪/૩ વાળો દસ્તાવેજ બતાવવામાં આવે છે જે જોઈને કહું છું કે તેમાં મારું નામ અને સહી છે અને તે સમયે બીજા કો–ઓડીનેટર પણ હાજર હતા. એ વાત ખરી નથી કે અમે કપરાડા કેન પ્રોજેક્ટમાં કામ કરતા હતા. કપરાડા કેન પ્રોજેક્ટનું છેલ્લો કામનો દિવસ તારીખ ૩૧/૦૩/૨૦૧૯ નો હતો. એ વાત ખરી છે કે તારીખ ૩૦/૧૦/૨૦૧૮ના રોજ મીટીંગ મળી હતી. એ વાત ખરી છે કે તારીખ ૩૦/૧૦/૨૦૧૮ ના રોજ કપરાડા કેન પ્રોજેક્ટ તારીખ ૩૧/૧/૨૦૧૯ ના રોજ આ પ્રોજેક્ટ બંધ થવા બાબતનો નિર્ણય લેવાયો હતો. એ વાત ખરી છે કે મેં પ્રથમ પક્ષકાર નંબર એક સંસ્થામાં તારીખ ૩૧/૦૩/૨૦૧૯ ના રોજ સુધી કામ કરેલું હતું. આમ, બીજા

પક્ષકારની ઉલટ તપાસ તથા ઉપરોકત દસ્તાવેજો જોવામાં આવે તો પ્રથમ પક્ષકાર સંસ્થા બંધ થઇ ગયેલ છે તની બીજા પક્ષકારને જાણ છે અને તેઓએ પ્રથમ પક્ષકાર સંસ્થાની તારીખ ૩૦/૧૦/૨૦૧૮ ના રોજની મીટીંગમાં લેવાયેલ નીર્ણય નો સ્વીકાર કરેલ છે. જેથી બીજા પક્ષકારે હાલના કામે તેઓને તારીખ ૦૧/૦૪/૨૦૧૯ ના રોજથી પ્રથમ પક્ષકાર દ્વારા મૌખીક રીતે છુટા કરેલ હોવાનું પુરવાર થતુ નથી. અને બીજા પક્ષકારને પ્રથમ પક્ષકાર નંબર–૧ સંસ્થા ૦૧/૦૪/૨૦૧૯ થી બંધ થઇ જવાની છે તેવી પહેલેથી જ જાણ હતી. જેથી બીજા પક્ષકારે જે મૌખીક રીતે છુટા કરેલાની હકિકત જણાવેલ છે તે પુરવાર થતી નથી. હવે પ્રથમ પક્ષકાર નંબર–૧ તરફે તેઓએ આ પ્રોજેકટ બંધ કરેલ હોય ત્યારબાદ કાયદેસર રીતે કલોઝરની કાર્યવાહિ કરેલ હોય તે બાબતે કોઇ દસ્તાવેજી પુરાવા રજુ કરેલ નથી. વધુમાં બીજા પક્ષકારની રજુઆત મુજબ પણ પ્રથમ પક્ષકાર સંસ્થા બંધ થઇ ગયેલ હોવાની જાણ તેઓને છે. પરંતુ પ્રથમ પક્ષકાર નંબર–૧ સંસ્થા તરફથી બીજા પક્ષકારને સંસ્થા બંધ કરતી વખતે કલોઝર વળતર ચુકવેલ હોય તેવુ પ્રથમ પક્ષકારનું પણ કહેવુ નથી કે તે બાબતે પ્રથમ પક્ષકારે બીજા પક્ષકારને કોઇ કલોઝર વળતર ચુકવેલ હોય તેવા પણ કોઇ પુરાવા રજુ કરેલ નથી.

(૨૦)હવે બીજા પક્ષકારની રજુઆત મુજબ પ્રથમ પક્ષકાર નંબર–૧ સંસ્થા સંપુર્ણ પણે બંધ થયેલ નથી અને તેમના બીજા પ્રોજેકટ અન્ય જીલ્લામાં ચાલુ છે અને જેથી બીજા પક્ષકારને અન્ય જગ્યાએ નોકરીમાં સમાવેશ કરેલ ન હોય જેથી બીજા પક્ષકારને ગેરકાયદેસર રીતે છુટા કરેલા છે. પ્રથમ પક્ષકારની રજુઆત મુજબ તેઓએ કપરાડા તાલુકામાં ચાલતો તેમનો પ્રોજેકટ બંધ કરેલ હોય અને અન્ય જગ્યાએ પ્રોજેકટ ચાલુ હોય તેવા સંજોગોમાં જો કપરાડા તાલુકાનો પ્રોજેકટ બંધ કરેલ હોય અને અને અન્ય જગ્યાએ ચાલુ હોય તે–થી બીજા પક્ષકાર અન્ય પ્રોજેકટમાં સમાવેશ થવા હકકદાર રહેતા નથી. પ્રથમ પક્ષકાર સંસ્થાએ તેમની રજુઆતના સમર્થમનમાં નામદાર સુપ્રીમ કોર્ટનો ચુકાદો **District Red Cross Society vs. Babita Arora & Others 2007 LLR 1125** રજુ કરેલ છે. જેમાં નામદાર સુપ્રીમ કોર્ટે ઠરાવેલ છે કે,

It appears that after the aforesaid decisions of the Supreme Court, the legislature by an amendment made in the year 1982 to the Industrial Disputes Act defined the word "closure" by adding Sec. 2(cc). Sec. 2(cc) of the Act reads as under :

2(cc). "closure" means the permanent closing down of a place of employment or part thereof.

It is, therefore, clear that in order to attract Sec. 25FFF it is not necessary that the entire establishment of an employer should be closed. If a unit or part of an undertaking which has no functional integrity with other units is closed, it will amount to closure within the meaning of Sec. 25FFF of the Act. In J.K. Synthetics V/s. Rajasthan Trade Union Kendra & Ors., 2001 2 SCC 87, it has been observed that the closure need not be of the entire plant. A closure can also be of a part of the plant. In Maruti Udyog Ltd. V/s. Ram Lal & Ors., 2005 2 SCC 638, it was held as under in para 21 of the report :

How far and to what extent the provisions of Sec. 25F of the 1947 Act would apply in case of transfer of undertaking or closure thereof is the question involved in this appeal. A plain reading of the provisions contained in Sec.

25FF and Sec. 25FFF of the 1947 Act leaves no manner of doubt that Sec. 25F thereof is to apply only for the purpose of computation of compensation and for no other. The expression "as if" used in Sec. 25FF and Sec. 25FFF of the 1947 Act is of great significance. The said term merely envisages computation of compensation in terms of Sec. 25F of the 1947 Act and not the other consequences flowing therefrom. Both Sec. 25FF and Sec. 25FFF provide for payment of compensation only, in case of transfer or closure of the undertaking. Once a valid transfer or a valid closure comes into effect, the relationship of employer and employee does not survive and ceases to exist. Compensation is required to be paid to the workman as a consequence thereof and for no other purpose."

The position in law is, therefore, well settled that if the entire establishment of the employer is not closed down but only a unit or undertaking is closed down which has no functional integrity with other units or undertaking, the provisions of Sec. 25FFF of the Act will get attracted and the workmen are only entitled to compensation as provided in Sec. 25FFF of the Act which has to be calculated in accordance with Sec. 25F of the Act. The Tribunal and also the High Court clearly erred in holding that as other units of the appellant Red Cross Society like Drug De-Addiction-cum-Rehabilitation Centre, Family Planning Centre and Viklang Kendra were functioning, the termination of services of the respondent would amount to retrenchment. The Maternity Hospital was functioning as a distinct entity. It was not receiving any grant from the Government and was being run entirely on charitable basis from donations received from public. Due to financial stringency, the Maternity Hospital had to be closed down. The other three units, viz., Drug De-Addiction- cum-Rehabilitation Centre, Family Planning Centre and Viklang Kendra are receiving grants from government and are functioning as separate entities and the mere fact that they have not been closed down, cannot lead to the inference that the termination of services of the respondent was by way of retrenchment which was illegal on account of non-compliance of the provisions of Sec. 25F of the Act.

વધુમાં પ્રથમ પક્ષકાર નંબર–૧ તરફે નામદાર દિલ્હી હાઈકોર્ટનો ચુકાદો Sh. Massod Ahmed Khan & Others vs. Hamdard Dawakhana (WAKF) Laboratories & Ors. રજુ કરેલ છે જેમાં નામદાર હાઈકોર્ટે ઠરાવેલ છે કે,

Section 25FFF speaks of closure of business of an "undertaking". The word "undertaking" connotes "work", "enterprise", "project" or business undertaking and is not intended to cover the entire industry or business of the employer. Even a branch office, project, part of business, department, depots, division of business, workshop have been held to be "undertaking". The petitioners have not led any evidence of any functional integrity between the HRC Nursing Home on the one hand and Hospital or Institute on the other hand. The arguments now even, of the petitioners, are at best of, each of the HRC Nursing Home, Hospital and Institute being separate units/undertakings of the Foundation. Even in that case, closure of HRC Nursing Home would be valid. The findings of the Industrial Adjudicator, thus cannot be faulted with or interfered in exercise of powers under Article 226of the Constitution of India.

આમ ઉપરોકત ચુકાદાઓની હકિકત જોતા ઈન્ડસ્ટ્રીયલ ડિસ્પ્યુટ એકટની કલમ ૨(સી)(સી) મુજબ કલોઝર એટલે કોઇ પણ સંસ્થા અથવા તેનો કોઈ ભાગ બંધ કરવામાં આવે ત્યારે કલોઝર ગણાય છે. અને કલોઝરમાં સમગ્ર સંસ્થા બંધ થયેલ ન હોય અને સંસ્થાનો કોઇ અન્ય જગ્યાએ અન્ય ભાગ ચાલતો હોય તેનાથી કોઇ એક ભાગનું કલોઝર ગેરકાયદેસર ગણાય નહિ. જેથી બીજા પક્ષકારની રજુઆત કે પ્રથમ પક્ષ–કાર સંસ્થાનો બીજા પ્રોજેકટ અન્ય જગ્યાએ ચાલતો હોય તેનાથી કપરાડા મુકામેનો પ્રોજેકટ બંધ કરવાથી તેઓને ગેરકાયદેસર રીતે છુટા કરેલા કરેલા ગણી શકાય નહિ. અથી સમગ્ર હકિકત જોતા આ કામે બીજા પક્ષકાર ને પ્રથમ પક્ષકાર દ્રારા ગેરકાયદેસર રીતે છુટા કરેલ હોવાનું પુરવાર થતુ ન હોય મુદ્દા નંબર–૩ નો જવાબ **નકારમાં** આપવામાં આવે છે.

મુદ્દા નંબર-૪

(૨૧)હવે, જયારે બીજ પક્ષકાર કામદારને પ્રથમ પક્ષકાર દ્રારા ગેરકાયદેસર રીતે છુટા કરવામાં આવેલ ન હોય અને પ્રથમ પક્ષકાર સંસ્થાનું કાયદેસર રીતે કલોઝર કરવામાં આવેલ હોય અને તે બાબતની બીજા પક્ષકારને રેફરન્સ દાખલ કરતા પહેલાની જાણ હોય તેવા સંજોગોમાં બીજા પક્ષકાર પ્રથમ પક્ષકાર સંસ્થામાં અન્ય પ્રોજેકટમાં પુનઃસ્થાપિત થવા હકકદાર જણાતા નથી. પરંતુ સદર કામે પ્રથમ પક્ષકાર તરફે તેઓએ કપરાડા મુકામેનો પ્રોજેકટ બંધ કરેલ હોય તેવા સંજોગોમાં બીજા પક્ષકાર કાયદેસર રીતે કોલોઝર કંપન્શેશન મેળવવા હકકદાર રહે છે. સદર કામે પ્રથમ પક્ષકાર સંસ્થાએ બીજા પક્ષકારને કલોઝર કંપનશેસન આપેલ હોય તેવુ જણાતુ નથી કે પુરવાર કરેલ નથી કે તે બાબતે કોઇ દસ્તાવેજી પુરાવા રજુ કરેલ નથી. હવે ઈન્ડસ્ટ્રીયલ ડિસ્પ્યુટ એકટની કલમ ૨૫(એફ)(એફ)(એફ) જોવામાં આવે તો,

25FFF. Compensation to workmen in case of closing down of undertakings.

(1) Where an undertaking is closed down for any reason whatsoever, every workman who has been in continuous service for not less than one year in that undertaking immediately before such closure shall, subject to the provisions of sub–section (2), be entitled to notice and compensation in accordance with the provisions of section 25F, as if the workman had been retrenched.

સદર કામે બીજા પક્ષકાર પ્રથમ પક્ષકાર નંબર–૧ સંસ્થામાં ૦૨ વર્ષથી નોકરી કરતા હોવાનું જણાવેલ છે. અને તે બાબતે પ્રથમ પક્ષકાર નંબર–૧ સંસ્થાએ પણ કોઇ તકરાર લીધેલ નથી. તેમજ પ્રથમ પક્ષકાર સંસ્થા તારીખ ૦૧/૦૪/૨૦૧૯ ના રોજથી બંધ થયેલ હોય જેથી બીજા પક્ષકાર પ્રથમ પક્ષકાર નંબર–૧ સંસ્થા પાસેથી કલોઝર કંપનશેશન મેળવવા હકકદાર રહે છે. જે મુજબ બીજા પક્ષકારની નોકરીનો સમયગાળો જોતા બીજા પક્ષકાર કલોઝર વળતર તરીકે રૂપીયા ૯,૦૦૦/- વળતર મેળવવા હકદદાર રહે છે. જેથી મુદ્દા નંબર–૪ નો જવાબ હું **"અંશતઃ હકારમાં "** આપુ છુ અને અને મુદ્દા નં. ૫ બાબતે નીચે મુજબ નો આખરી હુકમ કરુ છુ.

<u>–:: હુ ક મ ::–</u>

(૧) બીજા પક્ષકાર શ્રમયોગી નો હાલ નો રેફરન્સ આથી અંશતઃ મંજુર કરવામાં આવે છે.

(**૨**) બીજા પક્ષકારનું પ્રથમ પક્ષકારની પ્રથમ પક્ષકાર સંસ્થામાં પુનઃસ્થાપનની દાદ ના–મંજુર કરવામાં આવે છે. તેમજ બેક વેજીસના બદલે બીજા પક્ષકારને પ્રથમ પક્ષકાર નંબર–૧ સંસ્થાએ કલોઝર

વળતર તરીકે રૂપીયા ૯,૦૦૦/-(અંકે રૂપીયા નવ હજાર પુરા) આ હુકમ થયે દિન-૩૦માં ચુકવવાનો હુકમ કરવામાં આવે છે.

(૩) બીજા પક્ષકારને પ્રથમ પક્ષકાર નંબર-૧ સંસ્થાએ ખર્ચના રૂપીયા ૫,૦૦૦/- દિન-૩૦માં ચુકવવાનો હુકમ કરવામાં આવે છે.

સ્થળ : વલસાડ.
તારીખ : ૦૯/૦૪/૨૦૨૫

(મહેશભાઈ લાખાભાઈ ચોથાણી)
Code: GJ01438
પ્રિસાઈડીંગ ઓફીસર
મજુર અદાલત,વલસાડ.